ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ

## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૪૩/૨૦–૨૧/ 305 તારીખ : 25 JAN 2021

આર.પી.એ.ડી.

કેસ નં.૪૩/૨૦–૨૧

પ્રતિ,
**શ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ,**
રામજી મંદિર સામે,
પંચાયત કચેરીવાળી શેરી,
મું. રાતેલ,
તા.મહુવા,
**જી.ભાવનગર.**
**મો.નં. ૯૦૯૯૭ ૦૮૫૩૮.**

**વિષય : ઘર વપરાશના વિજ કનેકશનનું મીટર ફોલ્ટ નું આપેલ બિલ રદ કરવા બાબત.**

સંદર્ભ : (૧) આપનો પત્ર તા.૨૧/૦૯/૨૦૨૦ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૨૩/૦૯/૨૦૨૦.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૦–૨૧/૩૩૩૬ તા.૨૪/૦૯/૨૦૨૦.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૦–૨૧/૪૧૦૩ તા.૨૭/૧૧/૨૦૨૦.
(૪) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૦–૨૧/૫૪ તા.૦૫/૦૧/૨૦૨૧.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ **તા.૧૮/૦૧/૨૦૨૧** નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

**કન્વીનર,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.**

**બિડાણ:– ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, **મહુવા.**
*.......ગુજરાત વિધુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:–**
(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, **ભાવનગર.**
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) નાયબ ઈજનેરશ્રી, પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, **ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી–૨, મહુવા.**

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

(ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

☞ <u>કેઈસ નંબર – ૪૩/૨૦–૨૧</u> ☜

વાદી :– **શ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **<u>રજુઆતની તારીખઃ– તા.૦૯/૧૨/૨૦૨૦ તથા તા.૧૮/૦૧/૨૦૨૧</u>** ◈

હાજર રહયા :– **શ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ – (વાદી પોતે)**

પ્રતિવાદી :– **શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા.**
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ, મું.રાતોલ, તા.મહુવા, જી.ભાવનગર ની ઘરવપરાશ ના વિજ કનેકશનનું મીટર ફોલ્ટ નું આપેલ બિલ રદ કરવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૪૩/૨૦–૨૧ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૪૩/૨૦–૨૧/૩૩૩૬ તા.૨૪/૦૯/૨૦૨૦ થી વાદીશ્રીની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **<u>તા.૦૯/૧૨/૨૦૨૦ તથા તા.૧૮/૦૧/૨૦૨૧</u>** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, **તા.૦૯/૧૨/૨૦૨૦** ના રોજ વાદી પોતે શ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી સી.સી.ડામોર, કાર્યપાલક ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા તથા **<u>તા.૧૮/૦૧/૨૦૨૧</u>** ના રોજ વાદી પોતે શ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી એસ.બી.વસાણી, નાયબ ઈજનેર, વિભાગીય કચેરી, મહુવા ઉપસ્થિત રહેલ.

☞ **<u>વાદીશ્રીની રજુઆતઃ</u>– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અમો, વાદીશ્રી કાતરીયા વાલાભાઈ પુનાભાઈ, રામજી મંદિર પાસે, પંચાયતવાળી શેરી, મું.રાતોલ, તા.મહુવા, જી.ભાવનગર પાસે રહેણાંક ધરાવીએ છીએ.

૧.૨ અમારૂં ઘરવપરાશનું વિજ કનેકશન ઉપર મુજબના સ્થળે આવેલ છે. અમારી પીજીવીસીએલ કચેરી, મહુવા રૂરલ–૨ છે. અમો, ઘરમાં ચાર સભ્યો છીએ. દિવસમાં ખેતીકામ કરવાનું હોય, ફકત રાત્રિ ના ઘરે જવાનું હોય છે.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ અમારા ઘરવપરાશ વિજ મીટર ફોલ્ટ થયેલ તે અમે જાણતા નથી. મીટર રીડરે જણાવેલ કે, તમારૂં મીટર ફોલ્ટ થયેલ છે. મહુવા રૂરલ–ર કચેરીએ અરજી આપી દેજો તેથી અમોએ તા.૯/૧૧/૨૦૧૯ ના રોજ રૂા.૧૫૦/– જીએસટી સાથે ભરેલ છે.

૧.૪ ત્યારબાદ, ફરી બીજા મીટર રીડર બિલ બનાવવામાં આવેલ તેણે જણાવેલ કે, મીટર જંપ મારેલ છે તેને રૂરલ–ર સાહેબને ફોન કરેલ છે કે મીટર રીડીગ જમ્પ મારેલ છે. તો, સાહેબે જણાવેલ કે અગાઉના રીડીગ પ્રમાણે એવરેજ બિલ આપી દેવું હાલ બિલ આપવું નહી. મીટર રીડરે બિલ આપેલ નહી અને જતો રહેલ.

૧.૫ ત્યારબાદ, અમો મહુવા રૂરલ–ર કચેરી માંથી એવરેજ બિલ આપેલ તે અમે ભરી આપેલ.

૧.૬ ત્યારબાદ, મીટર બદલાવી જણાવેલ કે, મીટર ટેસ્ટીગ કરવા ખોલવા તમે કચેરીમાં આવજો. ત્રણ અલગ અલગ તારીખ આપેલ. પ્રથમ તારીખે અમે રૂરલ–ર માં ગયેલ સાહેબને જણાવેલ કે, મીટર કયારે લેબમાં ખોલવાના છે તો, હાજર અધિકારીએ જણાવેલ કે, સાહેબ હાજર નથી હવે પછીની તારીખે આવજો. પછીની બંને તારીખે ગયેલ પણ સાહેબ હાજર નથી. તમારૂં મીટર લેબમાં લઈ જવામાં આવશે ત્યારે અમે તમને ફોન દ્વારા જાણ કરીશું ત્યારે તમોએ આવવાનું રહેશે.

૧.૭ અમારી ગેરહાજરીમાં મીટર ટેસ્ટીગ કરેલ છે અમોને ફોન કરીને જાણ કરેલ નથી.

૧.૮ આપ સાહેબ કંપની ના નિયમ મુજબ અગાઉની વપરાશ આગળ પાછળ મુજબ બિલ સુધારી આપવા હુકમ કરવા વિનંતી.

☞ <u>પ્રતિવાદીશ્રીની રજુઆતઃ– તેમની રજુઆત છે કે,</u>

૨.૧ બિલ ઓગષ્ટ–સપ્ટે–૨૦૧૯ ગ્રામ્ય પેટા વિભાગ–ર કચેરી ના મીટર રીડર દ્વારા બિલ બનવા ગયેલ અને સ્થળ ઉપર મીટર ફોલ્ટી જણાતા મીટર રીડર દ્વારા ૧૪૦ યુનિટ '' F '' સ્ટેટસ આપવામાં આવેલ.

૨.૨ બિલ ઓકટો–નવે–૨૦૧૯ મીટર ફોલ્ટી હોવાથી મીટર રીડર દ્વારા ૧૪૦ યુનિટ '' F '' સ્ટેટસ સાથે બિલ આપવામાં આવેલ.

૨.૩ તા.૯/૧૧/૨૦૧૯ ના રોજ ગ્રાહક દ્વારા ફોલ્ટી મીટર બદલવાની અરજી કરવામાં આવેલ અને તે અરજી મુજબ તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ મીટર બદલવામાં આવેલ.

૨.૪ મીટર રીપ્લેસમેન્ટ પ્રફોર્મા નં–૨૦૧૪૨ તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ મીટર બદલાવેલ અને તા.૨૫/૧૨/૨૦૧૯, તા.૧/૧/૨૦૨૦, અને તા.૮/૧/૨૦૨૦ ના રોજ લેબ પરીક્ષણ કરવા માટે હાજર રહેવા જણાવેલ.

૨.૫ આપેલ ત્રણ તારીખ દરમ્યાન ગ્રાહક પ્રતિનિધિ હાજર ન રહેતાં, તા.૨૨/૧/૨૦૨૦ ના રોજ લેબ પરીક્ષણ કરવામાં આવેલ અને રીઝલ્ટ MHV/LAB/A/1082 dtd.22.01.2020 રીપોર્ટ મુજબ સદર મીટરને ઓકે (OK) જણાવેલ અને તેમાં ૭૯૮૪ યુનિટ નીકળેલ હતા.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૬ લેબ રીપોર્ટ ૨૦૧૪૨ મુજબ ૭૯૮૪ યુનિટ નીકળતા ગ્રાહક ના ખાતે ૩૬૫૦ યુનિટ ની ડેબીટ ભરવામાં આવેલ અને બે સ્ટેટસ ના બિલ ૧૪૦ +૧૪૦ = ૨૮૦ યુનિટ ગ્રાહકના ખાતે રકમ રૂા.૧૪૭૧/૯૯ જમા આપવામાં આવેલ છે. પીજીવીસીએલ કંપનીના નિયમાનુસાર બાકી રહેતી રકમ રૂા.૨૯૫૯૩/૪૯ ભરવાપાત્ર છે.

૨.૭ તા.૨૬/૧૧/૨૦૨૦ ના રોજ બિલ બાકી હોવાથી ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરી દ્વારા સ્થળ ઉપરથી મીટર તથા સર્વિસ વાયર ઉતારેલ છે. જેનો સી.આર.નં–૦૩૯૬ છે અને મીટર ઉતારેલ પ્રફોર્મા માં સહી કરવાની તથા ઘર માંથી ટોટલ વપરાશ મુજબનો લોડ લેવાની ના પાડેલ છે. મીટર લેબમાં ચકાસણી માટેની નોટીસ સ્થળ ઉપર રૂબરૂ હેલ્પર દ્વારા આપવા જતાં, નોટીસ સ્વીકારવાની ના પાડેલ છે.

૨.૮ સદર મીટર ને મહુવા લેબોરેટરી ખાતે તા.૧૪/૭/૨૦૨૦ ના રોજ ફરી ટેસ્ટ કરી યોગ્ય જણાતાં, પેટા વિભાગીય કચેરીને ફરી ઉપયોગમાં લઈ શકાય તે માટે પરત કરેલ હતું.

૨.૯ વધુમાં જણાવવાનું કે, સદર મીટર નો MRI રીપોર્ટ આવી શકેલ ન હોય, સદર મીટર ને કંપનીમાં મોકલાવેલ છે.

૨.૧૦ કંપનીમાંથી આવેલ મેઈલ મુજબ સદર મીટર નો MRI રીપોર્ટ નીકળી શકે તેમ નથી સદર મેઈલ ની નકલ આ સાથે સામેલ છે.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદાર કાતરીયા વાલાભાઈ પુનાભાઈ ગામ–રાતોલ, તા.મહુવામાં ઘરવપરાશનું વિજ જોડાણ ગ્રાહક નં–૩૭૬૨૩/૦૦૧૦૨/૭ થી ધરાવે છે.

૩.૨ વાદી અરજદાર ને ઓગષ્ટ–સપ્ટે–૨૦૧૯ બિલ્ડ ઈન ઓકટો–૨૦૧૯ ના વિજ વપરાશનું બિલ તા.૯/૧૧/૨૦૧૯ ના રોજ મીટર સ્ટેટસ '' F '' કરી પ્રતિવાદીએ૧૪૦ યુનિટ ની વપરાશનું એવરેજ બિલ આપેલ. તેજ રીતે પ્રતિવાદીએ તા.૧૨/૧૨/૨૦૧૯ ના રોજ ડિસે–૨૦૧૯ નું વિજ બિલ મીટર સ્ટેટસ '' F '' ગણી, અને ૧૪૦ યુનિટ નું એવરેજ બિલ આપેલ.

૩.૩ વાદીએ તેઓનું મીટર બંધ હોવાથી, તા.૯/૧૧/૨૦૧૯ ના રોજ પ્રતિવાદી ને મીટર બદલવા માટે અરજી કરેલ. જે પ્રતિવાદીએ તા.૨૦/૧૨/૨૦૧૯ ના રોજ મીટર બદલાવેલ. મીટર બદલતા સમયે મીટરના નોંધાયેલ યુનિટ ૭૯૮૪ હોવાથી, પ્રતિવાદીએ વાદીને ૩૬૫૦ યુનિટ ની વિજ વપરાશની રકમનું બિલ વાદીના ખાતામાં ડેબીટ કરેલ. ૩૬૫૦ યુનિટ ની વિજ વપરાશનું બિલ આપતા સમયે પ્રતિવાદીએ વાદીને આપેલ ૧૪૦ યુનિટ ના ૨ એવરેજ બિલ બાદ કરી અને વાદીને વિજ વપરાશનું બિલ આપેલ.

૩.૪ વાદીના વિજ સ્થાપન પરના મીટર ની લેબ ચકાસણી પ્રતિવાદીએ તા.૨૨/૧/૨૦૨૦ ના રોજ કરેલ મીટર ચકાસણીમાં વાદીનું મીટર બરાબર માલૂમ પડેલ.

૩.૫ તા.૯/૧૨/૨૦૨૦ ના રોજ સુનાવણી દરમ્યાન, ફોરમે પ્રતિવાદીને વાદીનું મીટર કંપનીમાં મોકલી અને MRI ડેટા તેમજ મીટર નો રીપોર્ટ મેળવી, ફોરમને રજૂ કરવા જણાવેલ.

૩.૬ તા.૧૮/૧/૨૦૨૧ ના રોજ સુનાવણી દરમ્યાન, પ્રતિવાદીએ L&T મીટર કંપની નો રીપોર્ટ રજૂ કરેલ છે. જે મુજબ L&T કંપનીએ મીટરને ડીફેકટીવ મીટરનો રીપોર્ટ આપેલ છે. તેમજ મીટર ડેટા '' Meter data could not be collected '' તે મુજબ આપેલ છે.

૩.૭ પ્રતિવાદીએ રજૂ કરેલ વાદીના બિલીંગ ડેટા નો 145 PRT જોતાં જણાય છે કે, પ્રતિવાદીના મીટર રીડર નિયમીત રીતે વાદીના વિજ સ્થાપન ની મુલાકાત લઈ, મીટરના રીડીંગ ની નોંધ કરી અને વિજ વપરાશનું દ્વી માસિક બિલ આપતા હતા. ઓકટો–૨૦૧૯ તેમજ ડિસે–૨૦૧૯ ના મીટર રીડીંગ દરમ્યાન, વાદીએ જુના તેમજ નવા રીડીંગ ૪૩૩૪ ની નોંધ કરી અને ૧૪૦ યુનિટ નું એવરેજ બિલ મીટર સ્ટેટસ '' F '' કરીને આપેલ છે.

૩.૮ પ્રતિવાદીએ રજૂ કરેલ વાદીના વાર્ષિક વિજ વપરાશ ના રેકર્ડ મુજબ વાદીની ૨૦૧૫ ના વર્ષ દરમ્યાન સરેરાશ વપરાશ ૨૧૩ યુનિટ, ૨૦૧૬ માં ૧૭૨ યુનિટ, ૨૦૧૭ માં ૧૪૮ યુનિટ, ૨૦૧૮ માં ૧૪૮ યુનિટ, ૨૦૧૯ માં ૧૨૨ યુનિટ ની વિજ વપરાશ થયેલ છે.

૩.૯ ઉપરના અવલોકન પરથી જણાય છે કે, વાદીનું વિજ સ્થાપન પર નું મીટર ડીફેકટીવ હતું. તેથી, પ્રતિવાદીએ વાદીને આપેલ ૩૬૫૦ યુનિટ નું બિલ નિયમ મુજબ તેમજ GERC રેગ્યુલેશન મુજબ નથી. આથી, પ્રતિવાદીએ વાદીને આપેલ ૩૬૫૦ યુનિટ નું વિજ વપરાશનું બિલ રદ કરવું તેમજ ઓકટો–૨૦૧૯, ડિસે–૨૦૧૯ નું ૧૪૦ યુનિટ ના ૨ દ્વીમાસીક એવરેજ બિલ આપવું.

-:: હુકમ ::-

- વાદીની રજુઆત, પ્રતિવાદીની રજુઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અનેઉપરના તારણો પરથી તારણ નં." ૩.૯ " મુજબ હુકમ કરવામાં આવે છે.

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ-૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, બ્લોક નં.૩, પોલીટેકનીક કંમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ સમક્ષ અપીલ કરી શકે છે.

(શ્રીમતી જે.એમ.મેહતા)
સ્વતંત્ર સભ્યશ્રી

(પી.એન.આજકીયા)
ટેકનીકલ સભ્યશ્રી

(એમ. આર.વજરીયા)
અધ્યક્ષશ્રી,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.

તારીખ :- ૧૮/૦૧/૨૦૨૧.

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar.